# ગાંધીનગર સહિત ૧૮ શહેરોમાં કર્ફ્યુ હવે ૧૦ વાગ્યાથી

**લગ્નપ્રસંગોમાં ૧૦૦ આમંત્રિતોને મુક્તિ : અંતિમક્રિયામાં ૪૦ વ્યક્તિઓની છૂટ : ૧૮ શહેરોમાં રેસ્ટોરન્ટ-હોટલ રાત્રિના ૯ વાગ્યા સુધી અને હોમ ડીલીવરી રાત્રે ૧૨ વાગ્યા સુધી સિનેમાઘરો અને ઓડીટોરીયમ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ કરી શકાશે : મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કોર કમિટિમાં મહત્વના નિર્ણયો જાહેર કરાયા**

- રાજ્યની આઠ મહાનગરપાલિકા અને વાપી, અંકલેશ્વર, વલસાડ, નવસારી, મહેસાણા, ભરૂચ, પાટણ, મોરબી, ભુજ અને ગાંધીધામ એમ કુલ ૧૮ શહેરોમાં રાત્રી કર્ફ્યુ સહિતના નિયંત્રણો ચાલુ રહેશે
- આ ૧૮ શહેરોમાં રાત્રી કર્ફ્યુનો સમય એક કલાક ઘટાડીને રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીનો કરાયો
- આ ૧૮ શહેરોમાં વ્યવસાયિકો પ્રવૃત્તિ ધરાવતા સંચાલકો, માલિકો, સ્ટાફ સહિત તમામે આગામી ૩૦ જૂન સુધીમાં વેક્સિન ફરજિયાત લેવાની રહેશે
- રાજ્યના આ સિવાયના તમામ વિસ્તારોમાં વ્યવસાયિકો પ્રવૃત્તિ ધરાવતા સંચાલકો, માલિકો, સ્ટાફ સહિત તમામે આગામી ૧૦ જુલાઈ સુધીમાં વેક્સિન ફરજિયાત લેવાની રહેશે
- આ ૧૮ શહેરોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ રાત્રે ૯ વાગ્યા સુધી ૬૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે
- હોમ ડિલેવરી રાત્રે ૧૨ કલાક સુધી ચાલુ રાખી શકાશે
- આ ૧૮ શહેરોમાં વ્યવસાયિક એકમો રાત્રીના ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે
- લગ્ન પ્રસંગમાં ૧૦૦ લોકો સુધી ઉપસ્થિત રહી શકશે
- અંતિમક્રિયા અને દફનવિધિમાં ૪૦ લોકોને છૂટ અપાઈ
- સામાજિક- રાજકીય પ્રસંગો અને ધાર્મિક સ્થાનો પર હોલની ક્ષમતાના ૫૦ ટકા અને મહત્તમ ૨૦૦ લોકો ઉપસ્થિત રહી શકશે
- વાંચનાલયોની ક્ષમતાના ૬૦ ટકાને મંજૂરી અપાઈ
- GSRTCની બસોમાં ૭૫ ટકાની ક્ષમતા સાથે છૂટ અપાઈ જે સેવા કર્ફ્યુના સમયમાં પણ ચાલુ રહેશે
- પાર્ક-ગાર્ડન રાત્રે ૯ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે
- રાજ્યના સીનેમા ઘરો, મલ્ટીપ્લેક્ષ, ઓડિટોરિયમ ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ કરી શકાશે

### કયા-કયા ૧૮ શહેરોમાં કર્ફ્યુ મુક્તિ

**વિસનગર, કડી, ડીસા, મોડાસા, રાધનપુર, વેરાવળ-સોમનાથ, છોટા ઉદેપુર, વીરમગામ, બોટાદ, પોરબંદર, પાલનપુર, હિંમતનગર, અમરેલી, સુરેન્દ્રનગર, દાહોદ, આણંદ, નડિયાદ અને ગોધરાનો સમાવેશ**

## ૪૧મા જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ સંભાળતા સુશ્રી સુરભિ ગૌત્તમ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ૪૧મા જિલ્લા વિકાસ અધિકારી તરીકે આજે સુશ્રી સુરભિ ગૌત્તમે ચાર્જ સંભાળ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી તરીકે આજે હોદ્દો સંભાળ્યો તે પૂર્વે તેઓ વિરમગામ ખાતે પ્રાંત અધિકારી તરીકે ફરજો બજાવતા હતા.

આજે તેમણે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો તે પછી જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, કારોબારી ચેરમેન દિનેશજી ઠાકોર, નાથુભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ સહિત વિવિધ સમિતિના ચેરમેનોએ તેમને મળી અને શુભેચ્છાઓ આપી હતી.

આ શુભેચ્છા મુલાકાતમાં તેમણે ગ્રામીણ વિકાસ અને આરોગ્યની ગુણવત્તાસભર સેવાઓ પર ભાર મુક્યો હતો. તેમણે આ દિશામાં અનેકવિધ કામો કરવાના પણ સંકેતો આપ્યા હતા.

સુશ્રી સુરભિ ગૌત્તમે અધિકારીઓની ટીમને જણાવ્યુ હતુ કે તેઓ ગુજરાતી બોલી લખી અને સમજી પણ શકે છે તમે તમારી રજુઆતો ગુજરાતીમાં કરજો.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર સાત સ્થળોએ કોરોના રસીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે એટલે તા. ૨૫મી જૂન, ૨૦૨૧ના રોજ માત્ર સાત સ્થળો પર રસીકરણ કાર્યક્રમ યોજાશે. આ સાત કેન્દ્રો પર ૧૮ વર્ષથી ઉપરના નાગરિકોને રસીકરણ કરવામાં આવશે તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે વૈશ્વિક મહામારી કોરોના સામે રક્ષણ આપતી અમોઘ શસ્ત્ર એવી કોરોનાની રસીકરણની કામગીરી ગાંધીનગર જિલ્લામાં હાલમાં કાર્યરત છે જેમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને રસીકરણથી રક્ષિત કરવામાં આવે છે. તા. ૨૫ જૂન, ૨૦૨૧ના શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લામાં અર્બન માણસા, અર્બન દહેગામ, અર્બન કલોલ ૧, અર્બન કલોલ ૨, સી.એચ.સી કલોલ, અંકિત વિધાલય, કલોલ અને ઈજીંઝ કલોલ એમ કુલ સાત સ્થળો પર જ રસીકરણ કેન્દ્ર કાર્યરત રહેશે. આ સિવાય અન્ય કોઈ સ્થળોએ રસીકરણ સેશનની કામગીરી કરવામાં આવશે નહીં જેની ગ્રામજનોએ નોંધ લેવા તેમજ સહકાર આપવા માટે જણાવ્યું છે.

### સે. ૪ માં કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાનો એક જ કેસ નોંધાયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સપ્તાહમાં બીજીવાર એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૪ ના એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે શહેરમાં ૩૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

## મનપાના ૧૧મા કમિશનર તરીકે ચાર્જ સંભાળતા ડૉ. ધવલ પટેલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧મા કમિશનર તરીકે આજે ડૉ. ધવલ પટેલે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં બે વખત ઈન્ચાર્જ કમિશનરે હોદ્દો સંભાળ્યો છે. આ ઉપરાંત બે ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓ પણ મ્યુનિ. કમિશનરનો હોદ્દો સંભાળી ચુક્યા છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશનર ડૉ. ધવલ પટેલે આજે સવારે જ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો. ધવલ પટેલ અગાઉ સુરત-આણંદ કલેક્ટર પદે રહી ચુક્યા છે.

મનપાના અધિકારીઓ અને કર્મચારીઓનું અભિવાદન પણ સ્વીકાર્યુ હતુ.

ડૉ. પટેલે સોમવારે તમામ શાખાના અધિકારીઓની એક બેઠક પણ બોલાવી છે તેમાં શાખાઓ દ્વારા થઈ રહેલી કામગીરીની જાણકારી સાથે સમીક્ષા પણ કરશે.

## ગત વર્ષની સાપેક્ષમાં એસ ટી બસોના રૂટ સંચાલનમાં ૪ કરોડ કિમીનો ઘટાડો

**કોરોનાના લીધે સલામત સવારી વિશેષ પ્રભાવિત સંચાલન ઓછુ થતા આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો**

ગાંધીનગર તા ૨૪

કોરોનાની મહામારી વચ્ચે જાહેર જનજીવન વિશેષ પ્રભાવિત છે. જયારે વેપાર ધંધા સહીત અન્ય વાહનવ્યવહાર સેવાને પણ વિપરિત અસર થઈ છે. એસ ટી બસે પણ કોરોના કાળમાં તગડી આવક ગુમાવી છે જયારે ગત વર્ષ કરતા આ વર્ષે બસોનુ સંચાલન પણ નોંધપાત્ર રીતે ઓછુ થયુ છે. ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર ડેપોની બસના સંચાલનમાં ૪ કરોડ કીમીનો ઘટાડો થયો છે.

કોરોના કાળમાં એસ ટી બસ સેવા વિશેષ પ્રભાવિત થઈ છે. એસ ટી ના પૈડા વર્ષ દરમિયાન કરફયુ તેમજ આંશિક લોકડાઉનની અસર વચ્ચે થંભી જતા એસ ટી બસના સંચાલનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બીજી લહેરના અંતે છેલ્લા એક મહીનાથી એસ ટી બસના પૈડા ટ્રેક પર આવ્યા છે. જયારે આ સ્થિતિ વચ્ચે એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગાંધીનગર ડેપોમાં પણ કોરોનાના સંક્રમણ વચ્ચે અત્યાર સુધી સુનકાર જોવા મળતો હતો. કોરોના કેસ ઘટયા બાદ પણ મુસાફરો

● અનુસંધાન પાન-૭ પર

## ખાદી ગ્રામોદ્યોગ ભવનનો ૫૧માં વર્ષમાં પ્રવેશ : સ્થાપના દિન ઉજવાયો

**વર્ષ ૧૯૭૧માં પુ રવિશંકર મહારાજ તેમજ શહેર વસાહત મહામંડળા પ્રમુખ અરૂણ બુચની ઉપસ્થિતિમાં સ્ટોર ખુલ્લો મુકાયો હતો : આજે ૫૦ વર્ષ પુર્ણ થતા સાદગીપુર્વક સ્થાપના દિવસ ઉજવાયો**



ગાંધીનગર તા ૨૪

ખાદી ગ્રામ ઉદ્યોગને ૫૦ વર્ષ પુર્ણ થતા આજે સે-૧૬ સ્થિત ભવન ખાતે કેક કાપીને ૫૧ માં મંગલ પ્રવેશની સાદગીસભર ઉજવણી કરવામાં આવી હતી. ખાદી ગ્રામ ઉદ્યોગનો આ સ્ટોર તા ૨૪ જુન વર્ષ ૧૯૭૧ ના રોજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આજે પણ ગાંધી જયંતિ નિમિત્તે વિશેષ વળતરની ઓફર સાથે નાગરિકો ઉત્સુકતાથી સ્ટોર્સ પર ખરીદી કરે છે. જયારે પાટનગર હોવાના નાતે ખાદીના વસ્ત્રોની પણ વિશેષ ખરીદી થાય છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ તા ૨૪ જુન વર્ષ ૧૯૭૧ ના રોજ પુ રવિશંકર મહારાજ, તે વેળાના રાજયપાલ મનનારાયણજી, મહીલા ગર્વનર મદાલશાબેન સરદાર પટેલના પુત્રી મણીબેન , સ્પીકર રાઘવજી લેઉવા, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ,સે-૧૬ વસાહત મંડળના પ્રમુખ નવલભાઈ શાહ સહીતના મહાનુભાવો ઉદઘાટન સમારોમાં ઉપસ્થિત રહ્યા હોવા સહીતની જુની યાદો પણ તાજી કરી હતી. ખાદી ગ્રામ ઉદ્યોગને આજે ૫૦ વર્ષનો સમય પુર્ણ થતા શહેર વસાહત મહામંડળ તેમજ ખાદી ગ્રામ ઉદ્યોગના સ્ટોલનુ હાલ સંચાલન કરતા અનિલભાઈ રાજપુત પુર્વ મેનેજર શાંતિભાઈ ગણાત્રા, અનિલભાઈ જોષી, કોકીલાબેન પટેલ, વી પી બુચ, નિલેન્દુ વોરા, ડો ચેતના બુચ , નિતીન પટેલની હાજરીમાં દીપ પ્રાગ્ટય બાદ કેક કાપીને ૫૧ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે સાદગીસભર ઉજવણી ઉજવણી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર રચાનાત્મક સમિતિએ આમ નાગિરકોની જરૂરિયાતને ધ્યાને લઈને આ સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો જયારે છેલ્લા ૫૦ વર્ષથી આ સેવા જાળવી રાખી છે. આ તબક્કે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી ખાદી ગ્રામ ઉદ્યોગના સ્ટોર્સના સ્ટાફના સભ્યોની મહેનતને બિરદાવી શુભેચ્છા પણ પાઠવી હતી.

## ગોરંભાયેલા વાદળોથી આકાશી નઝારો નિખર્યો : વરસાદ હાઉકલી કરી અદ્રશ્ય

**નવા સેકટરોમાં કોરુ અને જુના સેકટરોમાં કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટાથી ઠેર ઠેર ખાબોચિયા ભરાયા**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજા સંતાકુકડીની રમત રમી રહ્યા છે. રોજબરોજ સાંજના સમયે આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો હાઉકલી કરી અદ્રશ્ય થઈ જાય છે. આજે પણ સાંજે વરસાદી વાયરા વચ્ચે ગોરંભાયેલા વરસાદી વાદળો હમણા શહેરને પાણી પાણી કરી દેશે તેમ જણાંતુ હતુ પરંતુ વરસાદ પણ હવે સેકટરીયો બની ગયો છે. નવા સેકટરોમાં કોરુ રહ્યુ હતુ અને જુના સેકટરોમાં કેટલાક ઠેકાણે વરસાદી ઝાપટાથી ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. મેઘરાજા મન મુકીને વરસ્યા ન હતા પરંતુ વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.



શહેરમાં દિવસની ગરમીના અંતે સાંજના સમયે વરસાદી વાયરા વચ્ચે આકાશી નઝારો નિખર્યો હતો. આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા જયારે સુસવાટા મારતા ઠંડા પવન સાથે હમણાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થશે તેમ જણાંતુ હતુ પરંતુ થોડીવારમાં જ પવનના જોર સાથે વરસાદી વાદળો પણ વિખેરાઈને અદ્રશ્ય થઈ જતા વરસાદની આશ ઠગારી નિવડી હતી. શહેરમાં રોજબરોજ વરસાદ ગોરંભાય છે. પરંતુ ઘેરાયેલા વાદળો વરસતા નથી. છેલ્લા એક સપ્તાહથી આકાશમાં રોજ ગોરંભાતા વરસાદી વાદળો માત્ર છાંટણા વરસાવે છે. મેઘરાજા આકાશી નઝારામાં જમાવટ કરીને

● અનુસંધાન પાન-૭ પર

## બીએસઈ ઈન્સ્ટિટ્યુટે કેપિટલ માર્કેટમાં કોર્સિસ ઓફર કરવા ગિફ્ટસિટી સાથે એમઓયુ કર્યા

ગાંધીનગર, તા. ૨૪

બી.એસ.ઇ. ઈન્સ્ટિટ્યુટે ફાઈનાન્સ અને કેપિટલ્સ કોર્સિસ ઓફર કરવા ગિફ્ટસિટી સાથે એમ.ઓ.યુ. કર્યા છે. ગિફ્ટસિટીના એમ.ડી. તપન રે એ આ તબક્કે જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસના તમામ પાસાઓ માટે સક્ષમ વાતાવરણ વિકસિત કરવા માટે ગિફ્ટસિટી કટીબદ્ધ છે.

આ સહયોગની મહત્વતા વિશે વાત કરતાં ગિફ્ટસિટીના એમડી અને સીઈઓ તપન રે એ કહ્યું હતું કે ‘‘ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસના તમામ પાસાઓ માટે સક્ષમ વાતાવરણ વિકસિત કરવા માટે ગિફ્ટસિટી કટીબદ્ધ છે. આ પ્રયાસમાં એક મહત્વપૂર્ણ પરિબળ વિવિધ આંતરરાષ્ટ્રીય પ્રોડક્ટસ, ઓફશોર ફંડ મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ બુલિયન ટ્રેડિંગ વગેરે જેવાં ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને તાલીમ માટે અવસર પ્રદાન કરવો છે. અમે માત્ર નાણાકીય સેવાઓ જ નહીં, પરંતુ ભારતમાં ઉભરતાં પ્રવાહો માટે પ્રતિભાને સન્માનિત કરવા માટે પણ સક્રિય છીએ. અમે ભારતની પ્રીમિયર ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યુસન્સ પૈકીની એક બીએસઈ ઈન્સ્ટિટ્યુટ સાથે સહયોગ કરતાં ખુશી અનુભવીએ છીએ.

બીએસઈ ઈન્સ્ટિટ્યુટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ અંબરિશ દત્તાએ કહ્યું હતું કે, ‘‘એક ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર સ્થાનિક અર્થતંત્રના ન્યાયક્ષેત્રની બહારના ગ્રાહોકને સેવા પ્રદાન કરે છે. ફાઈનાન્સ, ફાઈનાન્સિયલ પ્રોડક્ટ્સના પ્રવાહનું સંચાલન કરે છે અને સીમા પાર સેવા પ્રદાન કરે છે. તેના માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતા પ્રોફેશ્નલ્સના સમુહની રચનાની જરૂર પડે છે કે જેઓ ગ્લોબલ ફાઈનાન્સિયલ રેગ્યુલેશન્સ અને બેસ્ટ પ્રેક્ટિસિસ અંગે પૂરતી જાણકારી ધરાવતા હોય.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com